# એન.એચ.એમ. અંતર્ગત ૧૧ માસના કરાર આધારીત ભરતી કરવા બાબત

જિલ્લા રક્તપિત્ત અધિકારીશ્રી ની કચેરી, સુરત માટે રાષ્ટ્રીય રક્તપિત્ત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત રક્તપિત્ત રોગ માટે જિલ્લા આરોગ્ય સોસાયટી, લેપ્રસી સબ કમિટી, સુરત દ્વારા એન.એચ.એમ. અંતર્ગત કરાર આધારિત તદન હંગામી ધોરણે "નોન મેડીકલ સુપરવાઇઝર" જિલ્લા રક્તપિત કચેરી, સુરત ખાતે જિલ્લા કક્ષાએ ૧ નોન મેડીકલ સુપરવાઇઝરની જગ્યા માટે માસિક ફિક્સ પગારથી ૧૧ માસનાં કરારના ધોરણે નિમણૂક મેળવવા માગતાં ઉમેદવારો પાસે ઓનલાઇન અરજીઓ https://arogysathi.gujarat.gov.in આપેલ લીંકમા તા.૦૯/૧૦/૨૦૨૫ થી તા ૩૦/૧૦/૨૦૨૫ દરમ્યાન કરવાની રહેશે. સદર ભરતી કરાર આધારિત હોવાથી અન્ય કોઇ હક્ક-હિત મળવાપાત્ર થશે નહી તથા મુદત પુર્ણ થયેથી નિમણૂકની મુદત સમાપ્ત થશે. અન્ય શરતો સરકારશ્રી દ્વારા જે નિયત થયેલ છે તે ઉમેદવારને લાગુ પડશે.

(૧) નોન મેડીકલ સુપરવાઇઝર : જિલ્લા રક્તપિત કચેરી, સુરત ખાતે જિલ્લા કક્ષાએ ૧ જગ્યા

શૈક્ષણિક લાયકાત: (૧) બી.એસ.સી. સાથે આરોગ્ય ક્ષેત્રે ૫ વર્ષનો અનુભવ તેમજ કોમ્પ્યુટર ની જાણકારી

(૨) નોન મેડીકલ સુપરવાઇઝર ટ્રેનિંગ કમ્પલીશન સર્ટીફીકેટ સાથે લેપ્રસીની કામગીરીનો સરકારી અથવા NGO મા ૫ વર્ષનો અનુભવ તેમજ કોમ્પ્યુટર ની જાણકારી

વય મર્યાદા: ૧૮ થી ૬૦ વર્ષ સુધી. માસિક પગાર: રૂ.૨૫૦૦૦/-

## ઓનલાઇન ફોર્મ ભરવા અંગે ની જરૂરી સૂચના

૧.ઉમેદવારની ફક્ત ઓનલાઇન https://arogysathi.gujarat.gov.in માં **PRAVESH>CURRENT OPENINGS** પર મળેલ અરજી સ્વીકારવા માં આવશે. આર.પી.એ.ડી., સ્પીડ પોસ્ટ., કુરીયર કે સાદી ટપાલ દ્વારા અરજી ઓ માન્ય રહેશે નહી

૨.સુવાચ્ય ઓરીજનલ ડોક્યુમેન્ટની ફોટો કોપી સોફટવેરમાં ફરજિયાત અપલોડ કરવાની રહેશે અને દરેક ઉમેદવારે ઇ.મેલ આઇ.ડી ફરજિયાત આપવાનું રહેશે.

૩.અધુરી વિગતો વાળી અરજી અમાન્ય રહેશે.

૪.ઉમેદવાર એક કરતા વધુ અરજી કરી શકશે નહી

૫.વયમર્યાદા માટે જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવા ની છેલ્લી તા.૩૦/૧૦/૨૦૨૫ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૬.નિમણુકને લગતો આખરી નિર્ણય જિલ્લા રક્તપિત્ત અધિકારી શ્રી, સુરત નો રહેશે.

જિલ્લા રક્તપિત્ત અધિકારી
સુરત

DISTRICT LEPROSY OFFICER SURAT.

06/10/2025

પબ્લીક હેલ્થ ઓફીસર, વર્ગ-૧
( જીલ્લા રક્તપિત અધિકારી )
જીલ્લા રક્તપિત કચેરી, સુરત.